

મધ્યકાલીન
ગુજરાતી સાહિત્ય
સ્પંદન
૨૦૨૧-૨૨
ગુજરાતી સાહિત્ય મંડળ
ભક્તિ
પદ
ગરબી
છપ્પા
વાર્તા
આખ્યાન
Knowledge Alone Liberates
Somaiya Vidyavihar
ભાલણ

માર્ગદર્શક.

ડો. પ્રીતિ દવે.

પ્રા.સાગર

હસ્ત લિખિત પુસ્તક સ્પંદનના

કાર્યકરો/સભ્યો

૧.જાગૃતિ મકવાણા

૨.શ્રુતિ જોશી

3.ભક્તિ ભાનુશાલી

૪.સૃષ્ટિ ગોગરી

૫.હૃદય લોડાયા

૬.નિશા વાણ

મુખ પૃષ્ઠ-

નિશા વાણ

# *પ્રસ્તાવના*

ક.જે સોમૈયા કળા અને વાણિજ્ય મહાવિદ્યાલય ના સંસ્થાપક પદ્મભૂષણ પૂજનીય કરમશીભાઈ જેઠાલાલ સોમૈયા અને ડો. શ્રી શાંતિલાલ સોમૈયા ના આશીર્વાદ તેમજ સમીરભાઈ સોમૈયા, શ્રીમતી લીલાબેન કોટક તથા સમસ્ત સોમૈયા પરિવારના સતત માર્ગદર્શન તથા પ્રોત્સાહનથી સાહિત્ય, શિક્ષણ ની પ્રવૃતિઓ ઉત્તરોતર ઉન્નતિના પંથે આગળ વધતી રહી છે.

વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત સાહિત્ય કળા ને વેગ આપવાનું કાર્ય છેલ્લા ૧૮ વર્ષથી હાથ ધર્યું છે. આ કાર્ય એટલે હસ્તલિખિત સામયિક 'સ્પંદન' નું પ્રકાશન. આ વર્ષે ગુજરાતી સાહિત્ય મંડળ વિદ્યાર્થીઓએ વિશ્વ ગુજરાતી દિન તથા નર્મદની ૧૮૩ મી જન્મજયંતિ  અવસરે 'મધ્યકાલીન ગુજરાતી યુગ અભ્યાસ' આ વિષયને વણી લઈને હસ્તલિખિત સામયિક દ્વારા વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો સમક્ષ અભિવ્યક્ત કરવાનો આ સામાયિક નો મુખ્ય ઉદ્દેશ છે.

કાર્ય ભલે એક જ હોય પણ દરેક વ્યક્તિના સાથ-સહકાર વિના તે પૂર્ણ થતું નથી આ કાર્ય પણ વિદ્યાર્થીઓના સાથ દ્વારા શક્ય બન્યું છે.

ડૉ.પ્રીતિ દવે (ગુજરાતી વિભાગ)

*અનુક્રમણિકા*


૧.નરસિંહ મહેતાના આત્મકથનાત્મક પદ

૨.મીરાબાઈના પદો માં વ્યક્ત થતો કૃષ્ણ પ્રેમ

૩.આખ્યાનકાર પ્રેમાનંદ

૪.મીરાબાઈ ના વિરહ પદો

૫.અખાના છપ્પામાં છલકાતો સમાજનો દંભ

૬.ભાલણ

# નરસિંહ મહેતાના આત્મકથનાત્મક પદ

મધ્યકાલિન ગુજરાતી સાહિત્યના પહેલાં અધિકૃત કવિ તરીકે આપણે નરસિંહ મહેતાને માનીએ છીએ. ભાવનગરના તળાજા ગામમાં નાગર બ્રાહ્મણ કૃષ્ણદાસ મહેતાને ત્યાં આશરે ઈ.સ.૧૪૧૪માં નરસિંહનો જન્મ થયાની વાયકા છે. બાદમાં તેઓ જુનાગઢ સ્થાયી થયા હતા. નાની વયમાં તેમણે માતા-પિતા ગુમાવ્યા બાદ ભાભીના મહેણાથી કંટાળીને તેમણે અપૂજ શિવલિંગની પૂજા કરી ને તેમને કૃષ્ણના રાસના દર્શન થયા એ વાત સૌ કોઈ જાણે જ છે. નરસિંહ તેમના પ્રભાતિયા, પદો અને આખ્યાન માટે પણ જાણીતા છે. તેમની હસ્તપ્રતોમાં સૌથી જૂની પ્રત ઈ.સ.1612ની આસપાસની હોવાનું એક શોધમાં જણાયું છે.

નરસિંહે પોતાના આત્મકથનાત્મક પદોમાં હુંડી, કુંવરબાઈનું મામેરું, શામળશાનો વિવાહ, હાર અને શ્રાદ્ધના પદો આપ્યા તે પરથી આપણને તેમના જીવનના પ્રસંગોની માહિતી મળી રહે છે.

નરસિંહ મહેતાના જીવનમાં બનેલો હુંડીનો પ્રસંગ મહત્વનો માનવામાં આવે છે. જે તેમની ભક્તિ અને કૃષ્ણ પરના વિશ્વાસની સાક્ષી પૂરે છે. એક વખત નરસિંહના ઈર્ષાળુ સારંગનાથ પોતાના ઘેર નાત જમવા તેડાવે છે. પરંતુ મહેતાજી હરિજન વાસમાં ભજન કરવા જતાં નાત તેમનો બહિષ્કાર કરતાં તેમને આમંત્રણ અપાતું નથી. ત્યારે એવો ચમત્કાર થાય છે કે નાતમાં જમતાં સૌ હરિજન વેશમાં આવી જાય છે. બાદમાં

જ્યારે નરસિંહને સાથે નાત જમણમાં તેડાવવામાં આવે ત્યારે ફરી નાત પોતાના મૂળ પરિવેશમાં આવે છે.

જોકે એકવાર નરસિંહની ઠેકડી ઉડાડવા કહો કે તેને નીચુ જોણું કરાવવા તેમની ઈર્ષ્યા કરતાં લોકોને કેવું નીચા જોણું થાય છે, જ્યારે શ્રીકૃષ્ણ નરસિંહની લાજ રાખે છે, તે હુંડીના પ્રસંગ દ્વારા જણાઈ આવે છે. દ્વારિકા જતાં ભક્તો ગામમાં આવે ત્યારે અમુક લોકો તેમને નરસિંહના મોટા કારોબાર હોવાથી તેની પાસે હુંડી લખાવવા યાત્રાળુઓને જણાવે છે. ત્યારે નરસિંહ મહેતા શામળશા શેઠના નામે માત્ર ભક્તિના ભરોસે ૭૦૦ રૂપિયાની હુંડી લખી આપે છે. જોકે યાત્રાળુઓના નીકળી ગયા બાદ મહેતાજી મોહનને અરજી કરતાં અને પોતાની સ્થિતિ વર્ણવતા ગાય છે,

મારી, હુંડી સ્વીકારો મહારાજ રે, શામળા ગિરધારી,

મારી હુંડી શામળિયાને હાથ રે, શામળા ગિરધારી.

રહેવાને નથી ઝૂંપડું, વળી જમવા નથી જુવાર,

બેટો બેટી વળાવિયા રે, મેં તો વળાવી ઘર કેરી નાર રે,

ગરથ મારું ગોપીચંદન, વળી તુલસી હેમનો હાર,

સાચું નાણું મારો શામળો રે, મારે દોલતમાં ઝાંઝપખાજ

ત્યારે ભક્તની આવી દશા જોઈ વ્હાલો તુરંત ભીડ ભાંડવા વણિકનો વેશ લઈ, શામળશા નામ ધારણ કરી હૂંડીના રોકડા રૂપિયા આપે છે. ત્યારે

પે'લાં શ્રદ્ધાળુઓનો જીવ હેઠો બેસે છે. કારણ ગામમાં આવું કોઈ શેઠ જ નથી અને નરસિંહે તમને છેતર્યા છે એવું પહેલાં તેમને કહેવામાં આવ્યું હોય છે.

વળી, તેમના પુત્રી કુંવરબાઈના મામેરાં વખતે પણ કૃષ્ણ આવીને નરસૈંયાનું કામ કરી જાય છે. તે વાતની જાણ પણ આપણને તેમના જ રચેલા મામેરાંની કૃતિમાંથી મળે છે. પત્ની, પુત્ર મરણ પામ્યા બાદ માત્ર પોતે જ હયાત છે જે નાગરી નાતની ઈચ્છા પ્રમાણે દીકરીનો પ્રસંગ અને હરખ પૂરો કરવા જવાબદાર છે. પરંતુ સાસુના મનમાં તો વહુનો બાપ ગરીબ છે આથી તેને કેમ બોલાવાય એ જ વાત છે, માટે તેની વ્યથા પણ મામેરુંના પદમાં જોવા મળે છે.

કુંવરબાઈને સીમંત આવીઉં, સાસુએ સ્વામીને કહી વાત,

હરખ વહુવર તણો ક્યમ કરી પોંહચશે, નરસૈંયો નિર્ધન એનો તાત.

આથી દીકરીના સીમંત પ્રસંગે તેમને ખોખલો પંડ્યો મામેરાની કંકોત્રી પહોંચાડે છે,ત્યારે નરસિંહ મામેરાંમાં કેદારા રાગમાં હરિને રીજવતાં ગાય છેઃ-

નાગરી નાતમાં નિર્ધન સરજીઆં, તમ વિના નાથજી કોને કહીએ,

પુત્રીએ પત્ર સીમંતનુ મોકલ્યું, કહો નારાયણ કેમ જઈએ.

દીન વચન આરતનાં બહુ લખ્યાં, નિર્ધન તાત શું નથી રે લેહણું,

આવીયો અવસર જો નહિ સાચવો, સાસરા માંહે હુંને થાશે મેહણું.

છતાંય જ્યારે હજી વહેલાં આવતાં નથી ત્યારે નરસિંહ ઠપકાભેર વિનવે છે –

વાર થઈ વિઠ્ઠલા, વા'રે વેગે ચઢો, રખે નાગરી નાતમાં હાંસી થાએ,

આગે ભક્ત તમે અનેક ઉગાર્યા, તમને તજી નાથજી કોને કહેવાયે.

આખરે હરી ઊભાં થાય છે અને કમલા શેઠાણી સાથે દોશી દામોદરનું રૂપ લઈ નવખંડનો નાથ આવીને કુંવરબાઈનું મામેરું પૂરું પાડે છે. છતાંય બાઈની નણંદની દીકરી રહી જતાં આખરે બાઈને મહેણું તો સહેવું જ પડે છે.

જોકે નરસિંહ બાદ પણ અનેક કવિઓએ કુંવરબાઈનું મામેરું નામે આખ્યાન પદો લખ્યાં છે, પરંતુ તમામમાં કંઈક સામ્યતા કે વિષમતા જોવા મળે છે.

વળી, નરસિંહના હાર સમેની ઘટના પણ જાણીતી જ છે. જ્યારે નરસિંહના કેદારે હરિ આવે છે, એવી વાત અમુક હિતશત્રુઓ જાણતાં તેમણે કપટ રચીને નરસિંહનો કેદારો ગીરવે મૂકાવી પડાવી લીધો. અને રા'માંડલિકને નરસિંહ ધૂતારો છે, એમ કહી પકડાવી લે છે અને કહેવડાવે છે કે જો નરસિંહ પર ભગવાન પ્રસન્ન હોય અને નરસિંહની ભક્તિ સાચી હોય તો બંધ મંદિરના દ્વાર ખૂલે અને નરસિંહને ભગવાન હાર પહેરાવે. ત્યારે નરસિંહની પરીક્ષા લેવાય છે, તે સમે કેદારો ન હોવાથી ભગવાન ઈચ્છવા છતાં આવી શકતાં ન હોવાથી નરસિંહ ગાય છે અને ઈશ્વર હાજર થાય છે.

# મીરાબાઈ ના પદો માં વ્યક્ત થતો કૃષ્ણ પ્રેમ

મીરાબાઈ એ એક કૃષ્ણભક્ત હતાં જેમણે ભગવાન કૃષ્ણને પોતાના પતિ તરીકે સ્થાપ્યા હતા અને તેને અનુલક્ષીને અનેક ભજનો રચ્યાં છે. આ ભજનો મુખ્યત્વે સાખ્ય ભાવમાં રચાયેલાં છે.  મેવાડના વતની અને એક સમયે રાજરાણી મીરાંબાઈએ કૃષ્ણ પ્રત્યેની ભક્તિ માટે તમામ સુખ સાહ્યબીઓ પાછળ છોડીને ગામેગામ ફરી કૃષ્ણભક્તિના ગીતો ગાનાર સાધ્વીનું રૂપ લઈ લીધું હતું. મીરાંબાઈએ કૃષ્ણભક્તિની અનેક ગુજરાતી કાવ્ય રચનાઓ આપણને આપી છે. મુખ્યત્વે મીરાંબાઈનાં મૂળ પદો વ્રજ ભાષા અને મારવાડી ભાષામાં મળે છે.

### 'મીરાના પદો' નો પરિચય

મીરાંબાઈની રચનાઓની પ્રાચીનતમ હસ્તપ્રત ઈ.સ.૧૮૫૬ ની છે જે હાલ ગુજરાત ના પ્રાચીન કૃષ્ણ તીર્થ ડાકોર માં સચવાયેલી છે. કૃષ્ણપ્રીતિ , વિરહ – મિલન અને પ્રેમલક્ષણાના પદો થકી સાહિત્ય ની અનમોલ સંપત્તિ આપનાર મીરા સ્ત્રી કવિ તરીકે સમગ્ર ભારત ના પ્રથમ સ્થાનના અધિકારીણી છે. 'નરસિંહરો માહ્યરો ' અને 'સતભામાનું રુસણું' કાવ્યકૃતિઓ મીરાંએ રચી હોવાનું સિદ્ધ કરવાના પ્રયત્નો પણ થાય છે. જેના આધારે ' સાવરીયા પ્રીતિ નિભાવ્યો જી.. ' એવું પ્રસિદ્ધ ગીત ' નરસિંહરો માહરો' નું હોવાનું માનવામાં આવે છે.

'પ્રેમની , પ્રેમની , પ્રેમની રે મને લાગી કટારી પ્રેમની ' એમ કહેતી મીરા કૃષ્ણ ના પ્રેમ માં પાગલ બનીને પોતાનું સર્વસ્વ કૃષ્ણચરણ માં સમર્પિત કરી દઈને પ્રેમદિવાનીના એક જુદા અંદાજમાં પોતાની સર્જકતાને શબ્દો ધ્વરા પ્રગટ કરે છે. ત્યારે તેના સર્જન માંથી પ્રગટ થતી બેતાબી , આશા , મસ્તી ,વ્યાકુળતા, વેદના, વિવશતા અને વિરહ કે મિલન ની ક્ષણો નો ભાવાવેશ સૌ કોઈને વિસ્મિત કરી દે છે . પ્રેમલક્ષણા ભક્તિ નો ભાવ પવિત્ર પાવક મીરાના કાવ્યોમાં એટલો અને એવો છે કે એના થી એની કવિતા કંચનવર્ણી બની જાય છે. ભાષાની સાહજિકતા અને સ્વાભાવિક્તા થી રચાયેલા એના પદોમાં જે લય છે તે અત્યંત પ્રવાહી અને ભાવવાહી છે.

' ઘેલાં અમે ઘેલાં રે , અમને ઘેલામાં ગુણ લાગ્યો

આગે તો અમે કાંઈ નવ જાણ્યું , મન માયામાં બાંધ્યું. '

મેડતા ના મહેલમાં જન્મેલી મીરાંએ મેવાડ, વૃંદાવન , દ્વારકા , ડાકોર ઉપરાંત ઈ.સ. થી ઈ.સ. દરમ્યાન દક્ષિણ તેમજ પૂર્વ ભારત ની યાત્રા ઓ પણ કરેલી હોવાનું મનાય છે . કૃષ્ણ સાથેના નાનપણા ના નેહને ટકાવવા મીરાંએ સમાજ સામે ટકવા સંઘર્ષ વેઠવો પડેલો, સમાજ માં 'વિદ્રોહિતા' 'કુલનાસી' નું બીદૃદ મેળવનારી મીરાંબાઈ એ પછી ના સમયના સમાજમાં ' વિરહિણી ', 'દીવાની' તરીકે સિવકરયા. કૃષ્ણ-અસક્ત રાધા ' બ્હાવરી' કહેવાય છે.તો મીરાની ઓળખ 'દીવાની' તરીકે આપણી

છે . મેવાડની મીરાંને વૈભવ લલચાવી શક્યો હતો. ક્ષણભંગુર સંસારની અસારતાનું મીરાંને ભાન છે માટે જ ભોજરાજ સાથેના લગ્નબંધન નો ભોજરાજ ના મુત્યુ નિમિતે અંત આવે છે અને વૈધ્યનું કષ્ટ કરમે ભોગવવા નું આવે છે ત્યારે પણ  મીરા તો કશાયથી ભરમાયા કે ગભરાયા વિના પોતીકી મસ્તીમાં ગાતા રહે છે.

‘ અખંડ વરને સાહેલી, હું તો અખંડ વરને વરી
ભવસાગર માં મહા દુઃખ પામી , લાખચોરાસી ફરી.’

સંસારની પોકળતા નિર્દેશતા બોધાત્મક પાદો પણ મીરાંબાઈએ રચ્યા છે જુઓ

‘સંસારીનું સુખ એવું , ઝાંઝવાના નીર જેવું તેને તુરછ કરી ફરીએ રે.
પરણું તો પ્રિતમ પ્યારો , અખંડ સૌભાગ્ય મારો ,રંડાપાનો ભે ટાળ્યો રે.’

મીરાંએ જેટલો પ્રેમ અવિનાશી એવા કૃષ્ણને કર્યો છે, એથી અનેકગણો પ્રેમ એને કૃષ્ણ પાસેથી મળ્યો પણ છે.

પ્રીત કરે તેની પુઠ ન મેલે, પાસેથી શે નથી ખસતા ?
મીરાંબાઈ કે પ્રભુ ગિરિધરના ગુણ, હારે વા’લો હૃદયકમળ માં વસતા.’

મીરાબાઈ ને કૃષ્ણ સગત કરનારા ઘડતર પરિબળો મીરાની ભીતર ની અડગ નિશ્ચયત’, અતૂટ શ્રદ્ધા અને સ્નેહમુલક ભાવનામાંથીજ નિપજ્યા છે. પ્રેમ, સહિષ્ણુતા, ધૈર્ય ની સાથોસાથ સંસારીઓ સાથેના બંધનોને ફગાવી

દેવાની નિર્ભીકતા, વાણીનું  મુખર જોમ, વ્યક્ત થઇ શકવાની ખુમારી અને સ્વબળે  સ્વ માટે જીવી જવાની નેમ મીરાબાઈ ને તાત્કાલિક જ નહીં સર્વકાલીન સમયની અદ્વિતીય સંત કવયિત્રી તરીકે સ્થાપે છે મીરાંબાઈ જેટલી કૃષ્ણ પપ્રયતે પ્રેમાળ છે તેટલીજ કૃષ્ણ ની કઠોર તા પ્રતે ધૈર્યવાન પણ છે કારણ એમણે પ્રેમપિયાલો પીધો છે. જે સંતભક્તોએ પ્રેમ મુલક ભક્તિ નો મહિમા જાણ્યો છે , એનો બેડો ભવપાર લાગ્યો છે મીરાંબાઈ કહે છે ,

‘ પ્રેમ-પિયાલો મેં પીધો રે જી, હો સંતો , પ્રેમપિયાલો મેં પીધો.

રે જગતડાને જોઈને વારો રે, અમર-પછેડો કોણે લીધો રે ?

મીરાના પદો માં કૃષ્ણ પ્રીતિ અને ઈશ્વરભક્તિ આહ્લાદ વર્તાય છે કિષ્ણ ની જન્મોજનમ ની દાસી તરીકે તો આ જન્મે સ્વીકારેલો નિષ્યભાવ મીરાના સ્ત્રીત્વને તેમજ જ ભારતીય સ્ત્રિગરીમાં ને આવવું સ્થાન અપાવે છે. મીરાંનપદોનો વર્ણ્યવિષય એકમાત્ર કૃષ્ણભક્તિ અને કૃષ્ણપ્રીત છે પરંતુ ભક્તિ અને પ્રીતિ ની વિભિન્ન ભાવદશાઓના નિરૂપણ ને લીધે એમના પદોની વિષય સંદભે ની એકતાનતા પણ આકર્ષક નીવડે છે ભક્તિ નો માર્ગ વીરતાભર્યો છે સમાજ ની અવગણતા- અવહેલ ના સહીને પણ તેઓએ સમાજ માં વ્યાપેલી અંતસરધા, વહેમ , કુરિવાજો થકી અજ્ઞાન તરફ દોરતી જતી માનવચેતના ને પુનઃ અધ્યાત્મ તરફ વળવાનું કર્તવ્ય બજવ્યુ છે. મીરાંએ પણ જગત ની રીત સંદર્ભે ગાયું છે.

# આખ્યાન કાર પ્રેમાનંદ

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સૌથી વધારે લોકપ્રિય થયું હોય એવું આ સ્વરૂપ છે. આખ્યાન ગુણવત્તા અને સંખ્યાની દ્રષ્ટિએ પણ પ્રમાણમાં ખૂબ જ લખાયાં છે. વિષયવસ્તુ અને કળાતત્વના કારણે પ્રજામાં ખૂબ જ માન અને સ્થાન પામેલાં જોવા મળે છે.

આખ્યાન શબ્દ મૂળ સંસ્કૃત ધાતુ 'આ+ખ્યૈ' પરથી બનેલો છે. જેનો અર્થ થાય છે 'વિસ્તારીને કહિને બતાવવું'. વળી 'પૂર્વ બની ગયેલા કોઈ પ્રસંગનું કથન એટલે આખ્યાન' એવી પણ વ્યાખ્યા મળી આવે છે. તો હેમચંદ્રાચાર્યના 'કાવ્યાનુંશાસન' નામના ગ્રંથમાં આખ્યાનની વ્યાખ્યા સમજાવતાં કહે છે કે 'શ્રોતાઓ સમક્ષ ગાઈ બજાવી અભિનય સહિત રજૂ થતી કથા તે આખ્યન'. આખ્યાનનું મૂળ લક્ષણ અભિનય, ગાન અને કથન એમ ત્રણેય પૂરક છે.

ભોજનકૃત 'શૃગાંરપ્રકાશ' માં આખ્યાનની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે: જેને એક જ કથા વાંચનાર અભિનય કરીને, પાઠ કરીને, અને ગાઈને એકત્રિત થયેલા શ્રોતાઓને સંભળાવે છે તેને આખ્યાન કહેવાય. જેમ કે ગોવિંદાખ્યાન આખ્યાનની મહતત્વની લાક્ષણિકતા તે એની કડવાંબદ્ધતા. આખ્યાનનું બીજું મહત્વનું અંગ એનું કથાતત્વ છે. અર્થાત્ આખ્યાન કથાકાવ્ય છે. આખ્યાન નું ત્રીજું મહત્વનું લક્ષણ રસવૈવિધ્ય છે આખ્યાન નો ચોથો મહત્વનું લક્ષણ એ શ્રોતાઓ સમક્ષ અભિનય ગવાતું. આખ્યાન નું પાંચમું મહત્વનું અંગ કવિએ પોતાને અને કાવ્યનો પરિચય આપ્યો હોય

તે છે. આખ્યાન છઠ્ઠો અંગ ફળશ્રુતિ છે. 'સાહિત્યદર્પણ' કારે આખ્યાનની વ્યાખ્યા આપતા જણાવ્યું છે, કે આખ્યાન એટલે પૂર્વે બની ગયેલા બનાવનું કથન તે આખ્યાન. કથા અને આખ્યાયિકા સંસ્કૃત કાવ્યશાસ્ત્રો અનુસાર ગદ્યપ્રકારો છે. જ્યારે ગુજરાતી આખ્યાનો પદ્યમાં છે. આ ભેદ ઉપરાંત પણ, ગુજરાતી આખ્યાનો એ સ્વતંત્ર કાવ્ય પ્રકાર છે. કનૈયાલાલ મુનશી કવિ નાન્હાલાલના 'જયાજયંત'તેમજ અન્ય નાટકોને આખ્યાન કહે છે. ગેયતા, કથાતત્વ, દેશીનો ઉપયોગ અને કડવાંબદ્ધ સ્વરૂપ એટલાં તત્વો કોઈપણ કૃતિને આખ્યાન કહેવડાવવા પર્યાપ્ત છે એવી કનૈયાલાલ મુનશીની માન્યતા છે

**આખ્યાનનો સમયગાળો**

હેમચંદ્રચાર્યના સમયથી શરૂ કરીને 'બંસી બોલના કવિ ' દયારામ સુધીના સમયગાળામાં સાહિત્યને મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય તરીકે ઓળખવામાં આવે છે.આ સમય દરમ્યાન ધર્મનો સાહિત્ય પર પ્રભાવ પાડ્યો હતો. આથી મધ્યકાલીન સાહિત્ય ધર્મ રંગ્યું સાહિત્ય છે.

આ સમયગાળામાં અનેક નાના-મોટા સાહિત્ય કારોનું સર્જન પ્રાપ્ત થાય છે. પ્રાગ નરસિંહ યુગ, નરસિંહ યુગ અને પ્રેમાનંદ યુગ એવા પેટા-યુગવિભાગો પણ આ સાહિત્યના અભ્યાસમાં ઘણી વખત ધ્યાનમાં લેવાય છે. આ સમયમાં નરસિંહ મહેતા, હેમચંદ્રાચાર્ય, ભાલણ , અખો, પ્રેમાનંદ, શામળ, દયારામ... વગેરે જેવા સાહિત્યકારોનું સર્જન પ્રાપ્ત થાય છે. મધ્યકાલીન ગુજરાતી

સાહિત્યમાં પ્રેમાનંદને એક સર્વોતમ આખ્યાન  કવિ તરીકે ઓળખવામાં આવે છે.

પ્રેમાનંદના રસિક આખ્યનોએ ગુજરાતનાં લોકોનું મનોરંજન અને સંસ્કાર સિંચન કર્યું છે. એની પ્રતિભા આખ્યાન- સાહિત્ય સ્વરૂપ સવિશેષપણે ખોલી હતી. એમણે વિપુલ પ્રમાણમાં જે સાહિત્ય સર્જન કર્યું તેમાં આખ્યાનોની ગુણવતા ઉત્તમ પ્રકારની છે.પ્રેમાનંદ પુરોગામી આખ્યાનકાર જેમકે ભાલણ,નાંકર આદિએ આ સાહિત્ય પ્રકારને પ્રચલિત કર્યો હતો, પરંતુ આ સાહિત્ય પ્રકારને લોકપ્રિય બનાવવાનું કાર્ય પ્રેમાનંદની કવિપ્રતિભાને કારણે શક્ય બન્યું હતું.

**પ્રેમાનંદનું જીવન**

કવિ અખાએ સંસારમાંથી વિદાય લીધી તે પહેલાં ગુજરાતના કવિશ્રેષ્ઠ થવા નિર્માયેલા  પ્રેમાનંદનો જન્મ થઈ ચૂક્યો હતો.૧૬૩૬ થી ૧૭૩૪ સુધીના લગભગ એક સૈકા જેટલા સમય પર તેનું જીવન વિસ્તરેલું હતું એમ માનવામાં આવે છે. અલબત્ત તેના જન્મ મરણના વર્ષો સુનિશ્ચિત તો નથી જ. કેટલાક તેને ૧૩ વર્ષ મોડા જન્મેલા માને છે. તો કેટલાક તેને દસેક વર્ષ પહેલા મૃત્યુ પામેલા ગણે છે. તેમ છતાં એનું આયુષ્ય ઠીક ઠીક લાંબુ હશે એટલું તો પાંચ -છ દાયકા ચાલેલી તેની વિપુલ સર્જન પ્રવૃત્તિ જોતાં સ્પષ્ટ સમજાય તેમ છે.

**છે વીરશ્રેત્રે વડોદરું ગુજરાત મધ્ય ગામ** ;

ચતુર્વશી ન્યાત બ્રાહ્મણ કવિ પ્રેમાનંદ નામ.

ઉદર નિમિત પરદેશ કીધો, સેવ્યું નંદરબાર;

એમ પોતાના નામઠામનો ઉલ્લેખ પ્રેમાનંદે તેનાં કાવ્યોમાં અનેકવાર કરેલો છે. તેમના પિતાનુ નામ કૃષ્ણદાસ ભટ્ટ હતું. નાની વયમાં માં-બાપ ગુજરી જવાથી તે માસીને ત્યાં ઉછેર્યો હતા. બાળપણમાં પ્રેમાનંદ સાવ મૂઠ હતા એમ કહેવાય છે. ૧૫ વર્ષનો હતા ત્યારે તેને ગુરુ રામચરણ મળ્યા. સંસ્કૃત અને હિન્દીનું તેમને તેમની પાસે અભ્યાસ કરીને તેણે તેમની સાથે આખા આખા દેશનો પ્રવાસ કર્યો હતો. આ ગુરુની કૃપાથી પોતે કાવ્યરચના કરી શક્યો હોવાનું તેણે કૃતજ્ઞભાવે સ્વીકાર્યું છે. પ્રેમાનંદના જમાનામાં ગુજરાતી ભાષાની કિંમત 'શું શા પૈસા ચાર' જેટલી હતી. તેથી પોતે ગુજરાતી ભાષાનો બીજી ભાષાઓનો કરતા વિશેષ ઉત્કર્ષ સાધે નહીં ત્યાં લગી પાઘડી નહીં પહેરવાની પ્રેમાનંદે પ્રતિજ્ઞા લીધી હતી ; તેને બાવન શિષ્યનું જૂથ હતું, તેની અને શામળ વચ્ચે સ્પર્ધા ચાલતી હતી વગેરે દંતકથા પ્રેમાનંદના કહેવાતા દીકરા વલ્લભે રચેલી કહેવાથી પ્રેમાનંદ વિષયક વિવિધ કૃતિઓને આધારે પ્રચલિત થયેલી છે. છેલ્લા સંશોધન મુજબ પ્રેમાનંદસુત વલ્લભ જેવી કોઈ વ્યક્તિ થયેલી નથી અને વલ્લભનાં આખ્યાનો તથા પ્રેમાનંદના નામે ચડેલા નાટકો સાહિત્ય ક્ષેત્રમાં તોફાન કરનાર અર્વાચીન યુગના કેટલાક લેખકોની બનાવટ છે એમ પુરવાર થઈ ચૂક્યું છે. એટલે એ સર્વ કિવદન્તી ખોટી ઠરે છે.

## ‘ભટ્ટ પ્રેમાનંદ કહે કથા’

પ્રેમાનંદ પ્રભુનો પ્રેર્યો કવિતા લખતો. ‘જન પ્રેમાનંદ કાંઈ ન જાણે’ એમ તેણે વારંવાર કહ્યું છે. ‘કાવ્ય કઠે મન રીઝે રે’ એમ કહીને તેણે પોતાના સર્જનનો કલાહેતુ સ્પષ્ટ કર્યો છે. આમ છતાં તેને કવિપણાનું અભિમાન નહોતું એટલે એને પોતાને કવિ તરીકે કદી ઓળખવ્યો નથી ‘ભટ્ટ પ્રેમાનંદ કહે કથા’ એમ જ હંમેશા કહ્યું છે.

પ્રેમાનંદનો બાપીકો ધંધો કથાકારનો હતો. આપણે આગળ જોયું કે ભાલણના વખતથી સંસ્કૃત કથાની સાથે ગુજરાતીમાં કથા કહેવાની પ્રથા શરૂ થઈ હતી. આ કથા કરનાર બ્રાહ્મણો પિત્તળની માણ એટલે ગાગર રાખતા એટલે તે માણભટ્ટ કે ગાગરિયા ભટ્ટ તરીકે ઓળખાતા. ગાગર પર ટચલી આંગળીએ પહેરેલી તાંબાની વીંટી વડે તાલ દઈને તેઓ પોતે કે બીજાએ ગુજરાતીમાં રચેલા આખ્યાનો લોકો સમક્ષ ગાઈ સંભળાવતા. કથાની વચ્ચે વચ્ચે રોચક અને ઘરગથ્થુ દ્રષ્ટાંતો આપીને રસની જમાવટ આ ગાગરીયા ભટ્ટો બહુ સુંદર રીતે કરી શકતા. આથી સંસ્કૃત શ્લોકો વાંચીને ગુજરાતીમાં તેનો અર્થ સમજાવનાર પૂરાણીઓના કરતાં રામાયણ મહાભારત જેવા ગ્રંથોમાં થી લીધેલા વસ્તુ પરથી ગુજરાતીમાં સ્વતંત્ર આખ્યાનો રચીને ગાનારા માણભટ્ટ નો ધંધો ધીકતો ચાલતો. આને પરિણામે માણભટ્ટ અને પુરાણી વચ્ચે અંટસ પડી ગયો હતો. પ્રેમાનંદ પણ આવા કોઈ ઝઘડાનો સાક્ષી બન્યો હતો એમ કહેવાય છે.

૨૫-૨૭ વર્ષની ઉંમરે પ્રેમાનંદની આખ્યાનકાર તરીકે કારકિર્દી શરૂ કરી એક દશકામાં ‘ઓખાહરણ’,‘અભિમન્યુનું આખ્યાન’, ‘ચંદ્રહાસાખ્યાન’, ‘મદાલસાખ્યાન’ વગેરે રસભર્યા આખ્યાનો જુદી-જુદી રાગ રાગરાગણીઓમાં લોકો સમક્ષ ગાયને પ્રથમ પંક્તિના આખ્યાનકાર તરીકે તેણે વડોદરામાં પ્રતિષ્ઠા જમાવી દીધી. એટલામાં ઈ.સ.૧૬૭૩નો ‘માતા પુત્રને ખાય’ એવો ભયંકર દુકાળ આવ્યો. આથી પ્રેમાનંદે વડોદરા છોડીને નંદરબાર જવું પડ્યું. ત્યાં તેનો બધી રીતે ઉત્કર્ષ થયો. એ નંદબારનો રાજગુરુ થયો હતો. એમ કહેવાય છે. એના યજમાનો ઘણા શ્રીમંત હતા. એમને ૮ ઘર હતાં અને પુષ્કળ દોલત હતી. ‘ધૃતની સરિતા ચલાવી, પ્રભુએ સાંકર બાંધી પાજ રે’ એવી પંક્તિ તેના બનાવટી પુત્ર વલ્લભની છે તે વિશ્વસનીય નથી. પરંતુ આખ્યાનકાર ના ધંધામાંથી એ સારું કમાયો હશે એ નિર્વિવાદ છે.

**પ્રેમાનંદ સાહિત્ય સર્જન**

પ્રેમાનંદે કવિતત્વોથી સભર શ્રેષ્ઠ આખ્યાનો આપ્યાં હતા. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આખ્યાન એક લોકપ્રિય સાહિત્યસ્વરૂપ હતું. પ્રેમાનંદ આ લોકપ્રિય સાહિત્ય સ્વરૂપનો શ્રેષ્ઠ આખ્યાનકાર ગણાય છે. એના સમયગાળાને ‘આખ્યાનોન સુવર્ણકાળ’ તરીકે ઓળખવામાં આવે છે. પુરોગામી કવિઓ માંથી પ્રેરણા લઈને અને એમની રચનાઓ માંથી સારું વસ્તુ લઈને પ્રેમાનંદ આખ્યાનોનું પોતાની રીતે આલેખન કરતા. તેમના આખ્યાનનો ખૂબ જ લોકપ્રિય બન્યા હતા. અનંતરાય રાવળ કહે છે કે,

**“ પ્રેમાનંદ એકલો આખ્યાનકાર નથી. તે સમયના કોટિનો ઉપકવિ નહિં, પરંતુ મહાકવિની પ્રતિભા વાળો કવિ છે”.**

પ્રેમાનંદના નામે ઘણી કૃતિઓ મધ્યકાળમાં પ્રાપ્ત થાય છે. પરંતુ આ બધી કૃતિઓ પ્રેમાનંદની જ હશે, એમ કહી શકાય તેવું નથી. કેટલીક રચનાઓ પ્રેમાનંદની ગણાય છે ,પરંતુ તે હજુ સુધી છપાઈ નથી અથવા તો હસ્તપ્રત સ્વરૂપે અસ્તિત્વ નથી. કેટલીક કૃતિઓમાં કર્તાનું નામ પ્રેમાનંદ મળે છે, પણ આવી કૃતિઓ કોઈએ લખી તેમાં પ્રેમાનંદનું નામ મૂક્યું હોય એવું લાગે છે. જોકે કેટલીક કૃતિઓ નિર્વિવાદ પણે પ્રેમાનંદની જ વાનું સ્વીકારે છે પ્રેમાનંદની જાણીતી કૃતિઓ નીચે પ્રમાણે ગણાવી પ્રેમાનંદ ના નામે ઘણી કૃતિઓ મધ્યકાળમાં પ્રાપ્ત થાય છે પરંતુ આ બધી કૃતિઓ પ્રેમાનંદની જ હશે એમ કહી શકાય તેવું નથી કેટલીક રચનાઓ પ્રેમાનંદની ગણાય છે પરંતુ તે હજુ સુધી છપાઈ નથી અથવા તો હસ્તપ્રતો સ્વરૂપે અસ્તિત્વ નથી એટલે કૃતિઓમાં કર્તાનું નામ પ્રેમ આનંદ મળે છે પણ આ વિકૃતિ એ કોઈએ લખી તેમાં પ્રેમાનંદ નું નામ મૂક્યું હોય એવું લાગે છે જોકે કેટલીક કૃતિઓ નિર્વિવાદ પણે પ્રેમાનંદની જોવાનું સ્વીકારાય છે.

પ્રેમાનંદની જાણીતી કૃતિઓ નીચે પ્રમાણે ગણાવી શકાય

- ઓખાહરણ
- અભિમન્યુ આખ્યાન

- ચંદ્રહાસાખ્યાન
- મદાલસા આખ્યાન
- હુંડી
- શ્રાદ્ધ
- સુદામા ચરિત્ર
- મામેરુ
- સુધન્વા આખ્યાન
- રુકમણી હરણ શ્લોક
- સ્વર્ગની નિસરણી
- વિવેક વણઝારો
- ફૂવડનો ફજેતો
- નચિકેત આખ્યાન
- દાણલીલા
- ભ્રમણગીતા
- પાંડવોની ભાંજગડ
- વિષ્ણુસહસ્ત્રનામ
- વામનકથા
- રાધિકાના દ્વાદશ માસ
- દશમસ્કંધ
- ભ્રમર પચીસી

કેટલીક કૃતિઓ પ્રેમાનંદની નથી એવું વિદ્વાનો માને છે આવી રચનાઓમાં 'દ્રોપદીહરણ', 'માધાતાખ્યાન', 'સત્યભામારોષિકા દર્શિકા આખ્યાન' 'પાંચાલી પ્રસન્નાખ્યાન' 'તપ્તયાખ્યાન' , 'બભ્રુવાહન આખ્યાન', 'પ્રહલાદાખ્યાન' વગેરેનો ઉલ્લેખ કર્યા છે.

પ્રેમાનંદે રામાયણ, મહાભારત મહાભારત અને પુરાણોમાંથી આધાર લઈને રચનાઓ કરી છે . 'રણયજ્ઞ' માં રામ અને રાવણ વચ્ચે યુદ્ધની કથા છે. 'પાંડવોની ભાંજગડ' 'નળાખ્યાન', સુધન્વા આખ્યાન, અભિમન્યુ આખ્યાન, ચંદ્રહાસ-આખ્યાન જેવી કૃતિઓ મહાભારત પર આધારિત છે. ભગવદ પર આધારિત કૃતિઓ ભ્રમરગીતા, ભ્રમરપચીસી, ઓખાહરણ રુકમણીહરણ, સુદામાચરિત્ર, બાળલીલા અને દાણલીલા જેવી કૃતિઓનો સમાવેશ કરી શકાય.

પ્રેમાનંદે આદિ કવિ નરસિંહ મહેતાના જીવનના પ્રસંગો પર આધારિત રચનાઓ પણ આપી છે. આવી રચનાઓમાં શ્રાદ્ધ, મામેરું અને શામળશાનો વિવાહ નો સમાવેશ કરી શકાય.

પ્રેમાનંદના સાહિત્યની લોકપ્રિયતા દર્શાવતા નવલરામ એ નોંધ્યું છે કે,

**"ગુજરાતી ના શહેરો અને ગામડાંઓના અનેકાએક કુટુંબોમાં મિનાર્ક (ચૈત્ર વૈશાખ )ઓખાહરણ વિના, શ્રાવણ શ્રાદ્ધ વિના, શ્રીમંત ના પ્રથમ કુવરબાઈનુ મામેરુ વિના, ચતુર્માસ દશમસ્કંદ વિના અને રવિવાર હૂંડી વિના ભાગ્યે વીતતા હશે."**

પ્રેમાનંદ ની બધી રચનાઓ મૂળ કૃતિ પરથી સીધી જ રચાયેલી નથી. નરસિંહ મહેતા, ભાલણ,નાકર, વિષ્ણુદાસ અને વિશ્વનાથ જાની જેવા પુરોગામીઓની કૃતિઓનો પ્રેમાનંદ પોતાની રચનાઓ માટે ઉપયોગ કર્યો છે. ‘કુવડનો ફજેતો’, ‘સ્વર્ગની નિસરણી’અને ‘વિવેક વણજારો’ જેવી કૃતિઓમાં પુરોગામીઓની કૃતિઓની અસર નહીંવત છે અને આકૃતિઓ મૌલિક જેવી જણાય છે. મધ્યકાળના લોકસાહિત્યને પણ પ્રેમાનંદે પોતાની રચનાઓમાં જરૂર પૂરતું ઉપયોગમાં લીધું છે.

તેમ છતાં તેના નીચેના આખ્યાનોને કારણે તેને મધ્યકાળનો શ્રેષ્ટ આખ્યાન કવિ ગણાય છે :

- નળાખ્યાન
- સુદામા ચરિત્ર
- કુવરબાઈનુ મામેરુ
- ઓખાહરણ
- ચંદ્રહાસાખ્યાન
- રણ યજ્ઞ

‘નળાઆખ્યાન’માં પ્રેમાનંદ ની સર્જન શક્તિ ખીલે છે. તે ૬૫ કડવામાં  વિસ્તરેલું છે. મહાભારતમાં આવતા ‘અરણ્યપર્વ’માંની કથાનો આધાર લઈને પ્રેમાનંદે આ રચના કરી છે. વનવાસમાં રહેલા યુધિષ્ઠિરને ત્યાં બૃહદશ્વમુનિ આવે છે. આ મુનિ યુધિષ્ઠિરને

નળરાજાની કથા સંભળાવે છે. નળરાજાને જે દુઃખો પડ્યાં હતાં, તેના સોમા ભાગ જેટલાં દુઃખ પણ યુધિષ્ઠિરને પડ્યાં નથી,એવું બૃહદશ્વ મુનિ કહે છે.

**નળ દુઃખ પામ્યો, અરે પાંડવ**

**નથી તેહનો સોમો ભાગ.**

પરિણામે યુધિષ્ઠિરને લાગે છે કે નળ દમયંતી ની કથા સાંભળવાથી મારા મનની વ્યથા દૂર થશે:

**દુખિયાના દુઃખ સાંભળતાં,**

**ભાગો મારા મનની વ્યથા**

નળરાજાને પડેલા દુઃખો, નળ અને દમયંતીનાં લગ્ન એમને બે સંતાનો જેવા પ્રસંગોનું આખ્યાન માં વર્ણન થયું છે. પુષ્કરના કહેવાથી અને કળિના પ્રભાવને લીધે નળ પુષ્કર સાથે જુગાર રમવા બેસે છે, અને પછી નળના જીવનમાં દુઃખો શરૂ થાય છે. શરૂઆતમાં ૨૮ કાડવામાં કવિને નળ અને દમયંતીના દાંપત્યજીવનનાં સુખને વર્ણવ્યું છે. અને ૨૯માં કાડવાથી નળરાજા ના દુઃખોનો આરંભ થાય છે. આથી, શરૂઆતના કડવાંઓમાં શૃંગારરસનું નિરૂપણ મળે છે, પરંતુ પાછળના કડવા ઓમાન કરુણરસ નિષ્પન્ન થાય છે.

આ આખ્યાનમા પ્રેમાનંદનું ભાષાપ્રભુત્વ અને તેણે કરેલું પાત્રોનું ગુજરાતીકરણ ધ્યાન ખેંચે છે. એમાં ઉપમા, ઉત્પ્રેક્ષા, અતિશયોક્તિ, પ્રાસાનુપ્રાસ અલંકાર નો ઉપયોગ કરીને ઉત્તમ પ્રકારના વર્ણનો આ રચનામાં આપ્યાં છે.

**ચંદ્રહાસ આખ્યાન** પણ પ્રેમાનંદની એક અગત્યની કૃતિ છે.આ રચનામાં ૨૮ કડવાંઓમાં વિભક્ત છે. આ નાના આખ્યાનમાં અનેક ઢાળ  પ્રયોજ્યા છે. અને વલણમાં પણ તેનું નિરૂપણ ધ્યાન ખેંચે છે. આ મુખ્યત્વે **ભક્તિરસનું આખ્યાન છે,** છતાં એમાં શૃંગારરસ, અદભૂતરસ,કરૂણ રસ અને હાસ્યનું નિરૂપણ થાય છે. આથી આ રાખ્યાં એક રસગુટિકા જેવું બની રહે છે.આ આખ્યાનમાં આવતા વર્ણનો પ્રેમાનંદની આખ્યાનકળાનો પરિચય કરાવે તેવો છે:

**જેમ ચંદ્ર પડે વ્યોમથી ભોમ, રાહુ ગ્રહિ લે તેવો**
**તેમ મદનકુંવર મૂર્છાગત કીધો, પિતા પ્રહારે તેવો.**

*******

**આકાશે અભ્ર અળગું થાયે**

**ચંદ્રબિંબ દીસે જેવું.**

***

**ગતે કરીને પવન સરિખો, ગંભીરતાયે સમુદ્ર;**

**દેહે જાણે અલગ સરિખો શીતળતાએ ચંદ્ર,**

**સંગ્રામ સુરપતિ સરિખો, ગણેશ સરીખો ગુણવાન**

**મહિમાએ મહાદેવ સરિખો, તેજે કરીને ભાલ!**

***

**સગા તે સોનાનું ઢીમ,**

**આંખ થાય છે ટાઢી હીમ**

***

**કો કુસુમનેણે,કો કંઠ ઝીણો,**

**ગુણવંતી લાગી ગાભાજી.**

***

**ખડુ ખાબડા પર્વત ખોદ,ગુફામાં બહુ ધુધવે ઘોહ,**

**ભુડું ભૈરવ વંતર પર માંઝાર, દીસે વનમાં પશુ અપાર**

અનંતરાય રાવળ નોંધે છે કે

**“આપણી ભાષાના અર્થવાહકતા અને રસસમતા જેવા આપણે પ્રેમાનંદના આખ્યાનો પાસે જવું જોઈએ”**

**સુદામા ચરિત્ર** પ્રેમાનંદ ની કવિતા પ્રોઢિનો અને રસનિષ્પતિ કળાનો પરિચય કરાવતું ૧૪ કડવાનું નાનું આખ્યાન છે. એમાં વધારાનાં વર્ણન

નથી. એમાં લાઘવાનો ગુણ છે અને એમાં નખશિખ કવિતા છલકતી જોવા મળે છે. આ રચનાને **ભક્તિકાવ્ય** અને **મૈત્રીકાવ્ય** પણ કહેવામાં આવી છે. ભાગવતના દશમસ્કંદ માંથી આ આખ્યાન લેવામાં આવ્યું છે. એના કેન્દ્રસ્થાને સુદામા નું પાત્ર છે સુદામા પત્નીના આગ્રહને લીધે શ્રીકૃષ્ણ પાસે જાય છે. શ્રીકૃષ્ણ પોતાના બાળમિત્ર સુદામાનું સ્વાગત કરે છે. સુદામા મિત્ર માટે તાદુંળ લઇ લે છે અને ગરીબ સુદામા પર કૃપા કરે છે, સુદામાની ગરીબી દૂર થાય છે. આ પ્રકારના વસ્તુના નિરૂપણમાં પ્રેમાનંદે પોતાની પ્રતિભાને પ્રગટ કરી છે. એ જાન સમાજનો બરોબર પારખું છે. પાત્રોમાં ગુજરાતીતા એણે આ આખ્યાનમાં પણ વ્યક્ત કરી છે. આ આખ્યાનમાં જીવંત પાત્રનિરૂપણ અને ઓછી પંક્તિમાં આબેહૂબ વર્ણનો મળે છે, જે પ્રેમાનંદની સિદ્ધિ છે :

**આ નીચાં ઘર ભીંતડીઓ પડી,**

**શ્વાન માંજર આવે છે ચડી.**

***

**આ બાળક પરણાવવાં પડશે,**

**સતકુળની કન્યા ક્યાંથી જડશે?**

***

**એ જ્ઞાન મને નથી ગમતું ઋષિરાયજી રે,**

**રુએ બાળક, લાવો અન્ન, લાગું પાયજી રે**

***

**ત્રૂટી સરખી ઝૂંપડી લૂંટી સરખી નાર,**

**સડયાં સરખા છોકરા ન મળ્યા બીજીવાર.**

***

**ભક્તિરસ ચાખું જે ચાખ્યો શુક્રસ્વામીએ રે.**

**ઓખાહરણ** એ લગભગ ઇ.સ.૧૬૬૭ માં રચાયેલું પ્રેમાનંદનું આખ્યાનકાવ્ય છે. ૨૯ કડવામાં આખ્યાન વિસ્તરેલું છે. **ઓખાહરણની જાણીતી કથાનું કવિએ અહીં નિરુપણ કર્યું છે. મધ્યકાળના અન્ય કવિઓએ પણ ઓખાહરણ પ્રકારના આખ્યાન આપ્યા છે. તેમાં પ્રેમાનંદની આ રચના નોંધપાત્ર બની છે . હરિવંશ અને ભાગવત ને આધારે કવિએ વસ્તુ લઈને આ રચના કરી છે. પ્રેમાનંદે મૂળ કથામાં જરૂરી ફેરફારો પણ કર્યા છે. બાણાસુરને શંકર ભગવાને હજાર હાથ આપ્યા હતા. કૃષ્ણઆ હજાર હાથ કાપે છે અને એ દ્વારા બાણાસુરના ઘમંડને હણે છે. આ પ્રકારના પ્રસંગોના નિરૂપણની સાથે સાથે કવિએ ઓખા અને અનિરુદ્ધ ના પ્રેમલગ્નને વર્ણવ્યું છે**

ઓખા આખ્યાનનું કેન્દ્રવર્તી પાત્ર છે અને તેને જીવંત રૂપે જીવંત રૂપે કવિએ નિરૂપ્યું છે. ઓખાની લગ્ન માટેની ઉત્સુકતા, અનિરુદ્ધ માટે ઓખાનો પ્રબળ પ્રેમ અને પ્રેમની મસ્તીને કવિએ રસિકતાથી ગણાવ્યો છે. **ઓખાંહરણ માં** પ્રેમાનંદની ભાષાશૈલી પણ ધ્યાનાર્હ છે. રૂઢિપ્રયોગો,

કહેવતો અને અલંકારોના ઉપયોગથી પ્રેમાનંદે પોતાની ભાષાસિદ્ધિને વ્યક્ત કરી છે. જેમકે,

**ઘોડે ચડે તે પડે પુથ્વી**

*******

**તારી નાસિકાનો મોર,**

**નહીં ભૂષણ,ચિતનો ચોર .**

**મારા સ્વામી ચતુરસુજાણું, બાણદળ આવે રે જાદવજી,**

**દીસે સેન્યા ચારે પાસે,થશે શું હવે રે જાદવજી ?**

**એ બળિયા સાથે બાય, નાથ !કેમ ભીડો રે? જાદવજી .**

***

**સહસ્ત્ર ભુજ પામ્યો, સરોવર ફાલ્યા અમૃત સમાન,**

**જાણે જુગ્મ વડની ડાળ ફૂટી, હસ્ત એમ રાજા તણા.**

મધ્યકાળના આખ્યાન નો આખયાનકારોમાં પોતાની પ્રતિભાને કારણે પ્રેમાનંદ શ્રેષ્ઠ બની રહે છે. મધ્યકાળના તે સૌથી વધુ લોકપ્રિય આખ્યાન કવિ છે. રમણલાલ વ દેસાઈ કહે છે કે ,

**“ઘરે ઘરે ગવાતું ઓખાહરણ ચકલે ચકલે ગવાતું દશમસ્કંદ પ્રભાતે પ્રભાતે ઉચ્ચારાતી  હારમાળા અને પ્રસંગે પ્રસંગે ઉકેલાતું મામેરું પ્રેમાનંદ ની**

વ્યાપકતા સૂચવે છે. પ્રેમાનંદ સદીઓથી પણ વટાવતો મહાકવિ છે. ગુજરાતને મહાકવિ મળ્યા હોય તો તે પ્રેમાનંદ. 300 વર્ષ સુધી રસદેહે જીવવું એ મહત્તા વગર બની શકતું નથી."

**સંદર્ભ સાહિત્ય**


૧- મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ

૨- ગુજરાતી ભાષા સાહિત્ય

## અખા ના છપ્પામાં છલકાતો સમાજનો દંભ

અખો ગુજરાતી ભાષાના પ્રાચીન કવિઓ માંનો એક છે. સલ્તનતી સમયગાળામાં ગુજરાતીનાં ત્રણ મોટા સાહિત્યકારોમાં અખાની ગણના થાય છે. અખાએ જેતલપુર થી અમદાવાદ વસવાટ કર્યો. આજે પણ અમદાવાદની ખાડિયાની દેસાઇ પોળનું એક મકાન "અખાના ઓરડા" તરીકે ઓળખાય છે,જે આપણને ગુજરાતનાં આ બહુ શરૂઆતનાં સાહિત્યકારો માંનાં એકની યાદ અપાવે છે.

અખાના છપ્પામાં સમાજમાં રહેલ આડંબર પ્રત્યેનો તિરસ્કાર જોવા મળે છે. "એક મુરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ" જેવા છપ્પાઓમાં અખો તે સમયે ધર્મને નામે ચાલતી અંધશ્રધ્ધાને પોતાની ચાબખા જેવી વાણીના સપાટામાં લેતો જોવા મળે છે.

અખાએ કુલ ૭૪૬ છપ્પા લખેલ છે. જે ૪૪ અંગમાં,અને આ અંગોને મુખ્ય ચાર અંગવર્ગમાં વહેંચી શકાય.

ગુજરાતી કવિતામાં પોતાની અનોખી મુદ્રા ઉભી કરી છે અખાએ. અખો વ્યવસાયે સોની. સમાજનાં કડવા વેણ સાંભળીને માનવસંબંધો અને વ્યવહારોની વરવી વાસ્તવિકતાએ અખાની જીવનદ્દ્ષ્ટિ બદલી નાખી હતી. ભક્તિમાર્ગી કવિતાના ધસમસતા પ્રવાહ વચ્ચે અખો જ્ઞાનમાર્ગનું વહેણ બનીને આવ્યો. એ ધર્મનો વિરોધી નહોતો, પણ ધર્મમાં પેઠેલા સડા અને આડંબર સામે એનો આક્રોશ હતો. એણે આ સંદર્ભે સમાજમાં જાગૃતિ આણવા કલમ ઉપાડી. અખો આધ્યાત્મ્ય માર્ગનો પ્રવાસી હતો. ઉપનિષદોના ચિંતન મનનથી એની પ્રજ્ઞા સમૃધ્ધ હતી. જે પરમતત્વ અગોચર છે, અદ્દ્શ્ય છે, એને એણે ગોચર થયેલું ભાળ્યું છે, ને એનો આનંદ એના રોમેરોમે વ્યાપ્યો છે. એ ઝળહળ જ્યોતને અખાએ નિહાળી લીધી છે. અંદર વસેલા એ પરમતત્વને એ પામી ગયો લાગે છે. આ અદ્વૈતનો મહિમા કરતો અખો ધાર્મિક વિધિવિધાન અને પાખંડને કઇ રીતે સહન કરી શકે? આથી એ સામે સમાજને જાગૃત કરવો એને જરૂરી લાગ્યો છે.

આધ્યાત્મચિંતનના અટપટા વિષયને અવળવાણીમાં આલેખતો અખો આથી જ સમાજ સામે લાલબત્તી ધરતી વખતે સ્પષ્ટ અને મુખર બનીને ગાય છે. અહીં એની વાણી સીધી બને છે. એમાં કટાક્ષ છે, કટુતા નથી. અખાની આવી રચનાઓ અખાના છપ્પા નામે ઓળખાય છે. આ કાવ્યપ્રકારમાં પંક્તિઓનું એક સમુહ રચાય છે. છ પંક્તિઓનાં સમુહમાં એક વિચારને એ અભિવ્યક્ત કરે છે. આજે એ આપણી વાતચીતમાં સહજ અભિવ્યક્તિ રૂપે આવે છે. આવો, વાંચીને યાદ કરીએ.

અખાનાં સાહિત્યનો અને તે બહાને આપણને તો તે સમયનાં ગુજરાતી સાહિત્યનો થોડો પરિચય મળે તે આશયથી આ નિબંધનાં અમુક રસપ્રદ અંશો અહીં સાભાર રજુ કરું છું.

સર્વ ભાષામાં ગદ્ય કરતાં પદ્યનો આરંભ પ્રથમ થયેલો હોય છે તેજ ન્યાયે આપણી ગુર્જરી ભાષામાં પણ કાવ્યોની પ્રતીતિ પ્રથમ થયેલી છે. ગુજરાતી કાવ્યનાં વિકાસક્રમનાં ત્રણ પગથીઆં છે.

(૧) પ્રાચીન કાવ્ય; જેની સાદી શોભા આદિ કવિ નરસિંહ મહેતામાં, ભક્ત કવિ વિષ્ણુદાસ તથા ભાલણમાં, અને કેટલાક જૈની કવિઓમાં ઝળકે છે.

(૨) મધ્યકાલીન કાવ્ય; જેમાં કથારસમાં નિપુણ શામળ, સર્વરસચતુર પ્રેમાનંદ, તત્વવિચારમાં કુશળ અખો, ભોજો, ધીરો તથા પ્રીતમ, અને શૃંગારરસિક દયારામની કૃતિઓ પ્રધાનપદ ભોગવે છે.

(૩) અર્વાચીન કાવ્યનો આરંભ કવિ દલપતરામથી થાય છે. આ છેલ્લા સમયમાં પશ્ચિમનાં વિચારોની છાયાની સંક્રાન્તિ થયેલી અનુભવાય છે,અને તેની શાથે આપણી વૃધ્ધ માતૃભાષા સંસ્કૃતના અભ્યાસના ફળરૂપે વાણીની વિશુધ્ધિ પણ અધિક પ્રવેશ પામેલી જણાય છે. આ સમયના કેટલાક તારાઓ નર્મદાશંકર, બાલાશંકર, આદિ અસ્ત થયા છે, અને ક્ષિતિજ ઉપર અન્ય ઝળકે પણ છે.

અખા ભગત સુવર્ણકાર સમુદાયમાં થયા હતા. પહેલા તેઓ અમદાવાદ નજીક જેતલપુરમાં રહેતા હતા, અને પછી અમદાવાદમાં સ્થાયી થયા હતા. તેનું જીવન

પ્રિયજનોની ખોટથી ચિહ્નિત થયેલું હતું: તેણે બાળપણમાં તેની માતા ગુમાવી હતી; યુવાનીમાં તેના પિતા; પછી તેની એકમાત્ર બહેન; અને એક પછી એક, બે પત્નીઓ. તેણે ટંકશાળમાં કામ કર્યું અને તેનો મુખ્ય બન્યો. પરંતુ એક ખોટા આરોપને કારણે તેને ભારે પીડા થઈ, અને તેણે સામાજિક જીવન છોડી દીધું અને આધ્યાત્મિકતા તરફ પ્રયાણ કર્યું.તેમણે એક ગુરૂનું શરણ લીધું. પણ જ્યારે અખા ભગતને ખબર પડી કે તે ગુરૂ પણ ઢોંગી છે, ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે સમાજમાં બધી જ જગ્યાએ ઢોંગ અને અસત્ય ચાલે છે.

મધ્યકાલીન કવિઓમાંના અખાની ગુજરાતી ભાષામાં જે ચમત્કૃતિ છે તે અન્યમાં નથી. અખાને કવિ ગણવો, ભક્ત ગણવો, તત્વવિચારક ગણવો, કે તત્વજ્ઞ ગણવો એ સંબંધમાં ઘણા મતભેદ પરીક્ષકની વૃત્તિમાં આવતા હોવા સંભવ છે. જેઓ શબ્દ તથા અર્થના અલંકારમાંજ કાવ્યનો આત્મા આવી ઠર્યો એમ માને છે તેમને અખો કવિરૂપે લાગવાનો નહીં; પણ નિર્દોષ શબ્દ વડે કોઇ પણ અંગી રસની નિષ્પત્તિ કરવામાં કાવ્યનું રહસ્ય રહ્યું છે એવું જેઓ માને છે તેને તો અખો નિ:સંશય કવિરૂપે ભાસવાનો. જે રસની નિષ્પત્તિ કરવાનો આશય હોય તે રસની નિષ્પત્તિ થવા સારૂ જે શબ્દનું, અર્થનું, વર્ણનું, ભાવનું ઔચિત્ય જોઇએ તે ઔચિત્ય જેમાં સ્ફુરે છે તે શબ્દરચનાજ કાવ્ય છે, અને તેવા ઔચિત્યવાળીજ અખાની રચના છે એમ પ્રત્યેક વિચારકને જણાશે. આ ઔચિત્યને કાવ્યનો આત્મા ગણી વેદકાલીન મંત્રદ્રષ્ટાને પણ કવિ કહેવાની પ્રથા સંસ્કૃત ભાષામાં ચાલે છે; કેમકે તેઓ 'ક્રાંતદર્શી' એટલેકે વિશ્વદ્રષ્ટિ વાળા હતા.

જે કાવ્યથી માત્ર સાંસારિક રસનો અનુભવ થાય છે, પણ અંત:કરણમાં બોધની છાયા પડતી નથી; તે કાવ્ય પ્રજાની નૈતિક ઉન્નતિમાં કાંઇ પણ ઉપયોગનાં નથી. જેમ વસ્ત્રાલંકારમાં વનિતાનું સૌંદર્ય નથી પણ તેના અંગ-ઉપાંગોમાં ઝળકતા લાવણ્યમાંજ સૌંદર્ય છે, તેમ શબ્દ તથા અર્થના અલંકારમાં કાવ્યનું કાવ્યત્વ નથી પણ શબ્દાર્થને પડદે રહેલા બોધમય રસમાં કાવ્યત્વ છે.

આચાર શુધ્ધ વિચારના ફળરૂપ હોવો જોઇએ, તે વિના મૃત શરીરતુલ્ય ગણાવો જોઇએ, એ સિધ્ધ કરવા તેનો ખાસ આગ્રહ છે. આચારનું વાસ્તવ સ્વરૂપ વર્ણવતા અખો કહે છે:-

“ઇશ્વર જાણે તે આચાર, એ તો છે ઉપલો ઉપચાર;

“મીઠાં મૌડાં માન્યા દ્રાખ, અન્ન નોય અનમાની રાખ;

“સોનામુખી સોનું નવ થાય, અખા આંધળીને પાથરતાં વાણું વાય;”

જેવી રીતે વિચારશૂન્ય આચાર કામનો નથી, તેવી રીતે દંભ તથા અભિમાન શાથેનો તત્વવિચાર પણ નિરુપયોગી છે.

ફલોદયમાં જેમ અજ્ઞાન વિરોધી છે તેમ જ્ઞાનનું અભિમાન પણ વિરોધી છે. બન્નેનાં ત્યાગની મોક્ષના ઉદયમાં જરૂર છે. અખાના અભિપ્રાય પ્રમાણે તત્વવિધાના ઉદયમાં વિઘ્ન નાખનારા મુખ્ય દોષો :

(૧) વગર વિચારે ધર્મના બાહ્ય આચારને વળગી રહેવાપણું.

(૨) દાંભિક વર્તન.

(૩) પાંડિત્યનું મિથ્યાભિમાન.

(૪) શાસ્ત્ર તથા અનુભવરૂપ ચક્ષુવાળા મહાત્માના ઉપદેશ પ્રતિ અલક્ષ.

એ ચાર છે.

પરમાત્માના તથા પોતાના વાસ્તવ અભેદને વિચારદ્વારા જાણી પરમ તત્વ પ્રતિ પરમ પ્રીતિના પ્રવાહને ચલાવવો એજ સત્ય ભક્તિ છે. વેદાંતશાસ્ત્રમાં પણ આજ પ્રકારની ભક્તિને ઇષ્ટ ગણી છે:-

आत्मरूपानुसंधानं भक्तिरित्यमिधियते ।

स्वस्वरुपानुसंधानं भक्तिरित्यपरे जगु: ॥ (વિવેકચૂડામણિ)

અખાના સિધ્ધાંતમાં ભક્તિનો, જ્ઞાનનો અને વૈરાગ્યનો સદા સર્વદા અવિરોધ છે. સ્વરૂપના અજ્ઞાનને વશ વર્તનારા તથા સંપ્રદાયના સંકુચિત ધર્મોમાં શાસ્ત્રનું

સમગ્ર રહસ્ય માનનારા દુરાગ્રહી પુરુષોએ આ ત્રણ સાધનોનો વિરોધ ઉપજાવી સામાન્ય બુધ્ધિવાળાને સુમાર્ગે વહન થવામાં ઘણા પ્રતિબંધો ઉપજાવ્યા છે.

અખો કહે છે કે:

“ભક્તિ જ્ઞાન અને વૈરાગ્ય, પદાર્થ એક, ત્રણ નામ વિભાગ;

“તેને અજાણ્યો કહે જુજવા, સમજ્યાને તે એકજ હુવા.

“અનુભવતા જાણી જે ભેદ, ભક્તિ જ્ઞાન અખા નિર્વેદ;

“જગત ભાવ રદેથી ગયો, ત્યારે ત્યાં વૈરાગ્યજ થયો.

“જ્યાં જુવે હરિ દ્રષ્ટિ પડે, ત્યારે ભક્તિ શરાડે ચઢે;

“દ્વૈતભાવ અખા જ્યારે ગયું, ત્રણ પ્રકારે જ્ઞાનજ થયું.

બુધ્ધિની પરમ શુધ્ધિ થયા પછી જીવ, ઇશ્વર તથા જગતના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન અથવા ’સુઝ’ સહજ પ્રકટે છે.

અખા ભગત હમેશા ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં સુર્યની જેમ ઝળહળતા રહેશે.

# <u>મધ્યકાલીન ગુજરાતી</u> કવિ – ભાલણ

**ભાલણ** (૧૫મી સદી ઉત્તરાર્ધ-૧૬મી સદી પુર્વાર્ધ) મધ્યકાલીન ગુજરાતી કવિ હતા. તેનો જન્મ ઈ.સ ૧૪૫૯માં થયો હતો. તેઓ <u>પાટણના</u> વતની હતા અને <u>સંસ્કૃતના</u> પ્રકાંડ પંડીત હતા. તેઓ આખ્યાનકવિ, પદકવિ અને અનુવાદક હતા. આરંભમાં તે દેવી ભક્ત હતા પણ જીવનના અંત ભાગમાં રામભક્ત બન્યા હોવનું એમની રચના દ્વારા સમજાય છે. એમણે રચેલાં કહેવાતા 'દસમસ્કંધ'માંના કેટલાંક પદોથી એ વ્રજભાષાના પણ સારા જાણકાર હોવાનું અનુમાન લગાવી શકાય છે.

ભાલણે આખ્યાનો અને પદોનું સર્જન કર્યું છે અને બાણભટ્ટની મહિમાવંતી ગદ્યકથા 'કાદંબરી'ને સમુચિત કાટછાંટ કરીને ગિજરાતી પદમાં અવતારી છે. તેઓ આખયાન-કવિતાના પિતા તરીકે માનવામાં આવે છે. કારણકે એની પૂર્વે કવિઓએ કથાત્મક કાન્ય પર્કારની ઉપાસના કરે છે, પરંતુ કડવાબંદ્ધ આખ્યાવ શૈલીનો પ્રયોગ તો એમણે જ પ્રથમ વાર કર્યો હતો.

ભાલણે અનેક પ્રકારના આખ્યાનો આપ્યાં છે, પણ તેમાંથી ભાગ્યેજ કોઈ ઉત્ત્મ, આસ્વાધ, અનવધ બની શક્યું નથી. 'નળાખ્યાન', 'કાદંબરી' પણ આંશિક રુપમાં સંતપર્ક રહ્યાં છે. મધ્યકાળના સમૃદ્ધ

સાહિત્ય સ્વરુપ આખ્યાનની કેડી પાડી આપી. ભાલણે પાયાના પત્થરનું કામ કર્યું છે.

ભાલણે આ આખ્યાનની આધારસામગ્રી તરીકે મહાભારતના આરણ્યકપર્વમાં આવતા 'નલોપાખ્યાન'ના કથાવસ્તુનો ઉપયોગ કર્યો છે, તો કેટલીક જગ્યાએ શ્રીહર્ષ કૃત 'નૈષધીયચરિત' તેમજ ત્રિવિક્રમ કૃત 'નલચંપૂ'ની શૈલીની અસર ઝીલી છે. આ કાવ્યમાં મુખ્યત્વે શૃંગાર અને કરુણ રસની છાંટ જોવા મળે છે.

ભાલણના નળાખ્યાનની સંપાદિત આવૃત્તિઓ નીચે મુજબ છે:

- ભાલણકૃત બે નળાખ્યાન (૧૯૨૪), સંપાદક: રામલાલ ચુનીલાલ મોદી
- ભાલણકૃત નળાખ્યાન (૧૯૭૫), સંપાદક: કે. કા. શાસ્ત્રી

**નળાખ્યાન** એ મધ્યકાલીન ગુજરાતી કવિ ભાલણ કૃત આખ્યાન-કાવ્ય છે. વલણ કે ઊથલા વગરનાં વિવિધ રાગવાળી દેશીઓમાં રચાયેલા ૩૦ અથવા ૩૩ કડવાં ધરાવતું આ આખ્યાન મધ્યકાલીન ગુજરાતી કવિતાનું પ્રથમ નળ વિષયક આખ્યાન છે. ત્યારબાદ પ્રેમાનંદ અને નાકરના નળાખ્યાન રચાયાં હતાં.

ભાલણના નામે બે નળાખ્યાનો મળી આવે છે. પૌરાણિક કથાઓમાંથી વસ્તુ લઈને એમણે કેટલાક આખ્યાનો લખ્યા છે. આદ્યશક્તિ ‘સપ્તશતી’, શિવપુરાણની શિકારીની કથાવાળું ‘મૃગી આખ્યાન’ પદ્મપુરાણમાંથી વસ્તુ લઈને ‘જલંધર આખ્યાન’, ગણિકા મામકીની રામભક્તિ નિરુપતું ‘મામકી આખ્યાન’, ભાગવતની ધ્રુવકથા વર્ણવતુ ‘ધ્રુવાખ્યાન’, અને મહાભારતની

નળ કથાને આલેખતુ '<u>નળાખ્યાન</u>' જેવા કેટલાંક આખ્યાનો એમણે લખ્યાં છે. એમના આખ્યાનોમા એ મૂળ કથાનું જ મુખ્યત્વે અનુસરણ કરતા હોવાથી આ પ્રસંગોને સક્ષેપમાં વર્ણન કરતા હોવાથી <u>પ્રેમાનંદ</u> કવિની જેમ એમની મૌલિક કલ્પનાશક્તિનું એમા પ્રવર્તન થતું નથી. આ બધા આખ્યાનોમાં 'નળાખ્યાન' એમની ખુબ જ પ્રચલિત અને નોંધપાત્ર આખ્યાન કૃતિ છે. આ આખ્યાન ઉથલા- વલણ વગરના ૩૦/૩૩ કડવાંમાં રચાયેલુ છે અને સંસ્કૃત મહાકવિ શ્રી હર્ષના '<u>નૈષધીય ચરિત</u>' મહાકાવ્ય તેમજ ત્રિવિક્રમના 'નલચંપૂનો' ઓછો વધતો પ્રભાવ ઝીલતું, શૃંગાર અને કરુણ્નું આકર્ષક નિરુપણ કરતું પ્રસાદિક આખ્યાન છે. એમણે બીજું પણ 'નાળાખ્યાન' લખ્યું હોવાનું કહેવાય છે, પણ એ શંકાસ્પદ છે, ભાલણની નળકથાને અનુગામી જૈન-જૈનોતર કવિઓને નળવિષયક આખ્યાનો લખવા પ્રેર્યા છે. મહાભારત પ્રમાણે નળનો રાજમંદિરમાં ગુપ્ત રીતે થતો પ્રવેશ અને પછી 'નૈષધીયચરિત' પ્રમાણે એ અપ્રગટ નળને સખીઓ સાથે પકડી પાડવાનો કસબ એમાં સારી રીતે વર્ણવ્યો છે. દમયંતીત્યાગ પછી એમની સહાયક સ્થિતિનું સવિગત વર્ણન ભારતીય નારીના મનોભાવો સાથે નિરૂપાયું છે. પરિસ્થિતિજન્ય કરુણ અને ચમત્કારજન્ય અદ્ભૂત આ આખ્યાનમાં સારી રીતે આલેખાયા છે.

ભાલણની પદ રચનાઓમાં 'દશમસ્કંધ' અને 'રામ બાલ ચરિત' સૌથી વિશેષ ધ્યાન ખેંચે છે. ભાલણની શ્રેષ્ઠ રચનાઓમાં 'રામબાલચરિત' નો

સમાવેશ કરવામાં આવે છે. આ કૃતિમાં કવિઓ વત્સલ અને ભક્તિથી છલકાતા હૃદયે તન-મન એક થઈને ભગવાન રામની બાળલીલા ગાઈ છે. ‘રામ બાલ ચરિત’૪૭ પદો મળી આવે છે. રામચંદ્ર સીતાના સ્વયંવરમાં શિવ ધનુષનું ચાપ ચડાવવા ઉભા થાય છે. ત્યાં સુધીનો કથા ભાગ આ પદોમાં આવે થે. કવિનું મુખ્ય લક્ષ્ય વત્સલ્ય ભાવ ગાવાનું છે. 'રામ બાલ ચરિત'માં બાળ લીલાનાં વાત્સલ્ય ભાવના ગાન છે. અહીં બાળ રામની બાળલીલાના અને વાત્યલ્ય ભાવના મનોહર ચિત્ર જોવા મળે છે. ભાલણે ‘દશમસ્કંધ’નો અનુવાદ પદોમાં કરેલો છે, પણ એ નામભેદે કડવાં જ છે. પદથી કડવાં પ્રતિ થતી ગત અહીં દેખાય છે. એણે સારી રીતે માવજત કરી હોય એવાં ‘દાણલીલા’ ના પ્રસંગ ઉમેરણમાં, કાલિય નાગદમનના સવિસ્તરવર્ણન દ્વારા પ્રગટ થતી યશોદાની વ્યાકુળ મન:સ્થિતિના ચિત્રણમાં, ગોવર્ધન પર્વત ધારણ કરવાના પ્રસંગે કૃષ્ણ પર બ્રહ્માપ્રેરિત કામધેનુના પવિત્ર દૂધના અભિષેક નિરૂપણમાં, પૂતનાવધના વર્ણનમાં તેમજ રાસલીલા અને રુક્મણીના વિવાહના રસમય આલેખનમાં ભાલણની કવિ શક્તિનું સારું દર્શન થાય છે. વાત્સલ્ય એનો પ્રિય રસ છે અને એ કૃષ્ણની બાલચેષ્ટાઓના સ્વભાવોક્તિયુક્ત વણનમાં માર્મિક રીતે નિષ્પન્ન થતો અનુભવાય છે. કરૂણ ના આલેખનમાં પણ એ સફળ રહ્યો છે, ભાલણ હૃદયથી રામભક્ત હોવાથી કૃષ્ણલીલાના વર્ણનમાં પણ કૃષ્ણને એ રઘુનાથ રૂપે ભજે છે.  ‘રુક્મિણી વિવાહ’ તથા ‘સત્યભામા વિવાહ’ એ સ્વતંત્ર કૃતિઓ પણ ભાલણે અહીં સમાવિષ્ટ કરી છે.

ચાળીસ પદવાળા ‘રામબાલચરિત’ રામ જન્મથી સીતા સ્વયંવર સુધીની પ્રસંગો કવિએ વર્ણવ્યા છે, આ પદોમાં કવિ માતૃહૃદયના ભાવલોકનું પ્રભાવક ચિત્ર આલેખી શકયા છે. રામની બાળક્રીડાઓ – ચેષ્ટાઓ અને બાલપ્રકૃતિ તેમજ કૌશલ્યાના માતૃહૃદયના સંવેદનો અહીં સૂક્ષ્મતાથી વિશદમધુર પદોમાં પ્રગટ થયાં છે. બાલક્રીડાના ચમત્કારને વયક્ત કરતું ‘ઝૂલડી ક્યાંય વિસારી’ સુંદર સ્વાભાવિક વર્ણનનું ‘રામ રંગે રીખે’, ચાતુર્ય ભક્તિ પ્રગટ કરતું ‘નાવિક વળતો બોલિયો’ જેવાં ભાલણના કેટલાંક મનોહર પદો ગુજરાતમાં લોકપ્રિય છે. એનાં રામ વિષયક પદો માર્મિક ભક્તિકાવ્યો છે. એમાં કવિએ ભક્તના હૃદય-ભાવો અત્યંત મૃદુતાથી નિરૂપ્યા છે.

‘કાદિંબરી ભાલણની કીર્તિદા રચના છે. બાણભટ્ટની ગદ્ય કથા ‘કાદિંબરી’ ણે ૪૦ પદ્ય-કડવાંવાળા આખ્યાન સ્વરૂપમાં ઢાળીને ભાલણે અપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. પંડિતો જ સમજી શકે અને આસ્વાદી શકે એવી અસંખ્ય સંસ્કૃત સમાસોવાળી, વાક્યાવલિએમાં વિસ્તરેલી, બુદ્ધિની વ્યાયામ શાળા જેવી આ સંસ્કૃતની રસમય કથાને ભાલણે એ કથાનો આસ્વાદ કરતા ઇચ્છતા મુગ્ધરસિક ગુજરાતી વાચકો માટે ગુજરાતી પદ્યમાં ટૂંકાવીને અનુવાદ રૂપે રજૂ કરી છે. એમાં ભાલણની રૂપાંતર કલાનો સુંદર વિનિયોગ થયો છે. મૂળ કથાને સંક્ષેપમાં રજૂ કરી હોવાથી મૂળનું કેટલુંક એણે ત્યજી દીધું છે કે ટૂકાવ્યું છે; ક્યાંક રૂપાંતર કર્યું છે અને ક્યાંક પોતાની

કવિશક્તિના ઉન્મેષો એમણે નવા પ્રસંગો ઉમેરીને એમણે પ્રગટ કર્યા છે. મૂળના અલંકારો, મૂળની કલ્પનાઓ અને વર્નાનોના વૈભવથી ગુજરાતી વાચક વિમુખ ન રહી જાય એ માટે એમણે ખૂબ સંભાળ રાખી છે. પંપા તથા અચ્છોદ સરોવરોના વણયનમાં, અપુત્ર વિલાસવતીની પુત્ર-ઝંખના વાળા વાત્સલ્યરસથી સભર કાવ્યાત્મક નિરૂપણવાળા ઉમેરણમાં ભાલણની સર્ગશક્તિનો મનોરમ પરિચય મળે છે. રસજ્ઞ કવિ પંડિતની કલ્પના કથાનો આ ગુજરાતી પદ્યદેહ ભાલણની પ્રૌઢ ભાવોચિત ભાષાની સમૃદ્ધિનો પણ ખ્યાલ આપે છે. ભાલણ પાસે ભાષાને વિશદ રીતે પ્રયોજવાનું આગવું કૌશલ્ય છે, ભાવને રસમય રીતે નીરૂપવાની કવિત્વશક્તિ છે અને વિશેષ તો વાત્યલ્ય ભાવના પ્રભાવક આલેખનની ઉત્તમ કળા છે.

સમાપનઃ-

વિદ્યાર્થીઓ દ્વારા બનાવાયેલ આ સ્પંદનમાં મધ્યકાલિન ગુજરાતી સાહિત્યના મધ્યકાલિન યુગના કવિ-લેખકોને આવરી લેવાનો પ્રયાસ કરાયો છે. આ પુસ્તિકાનો મૂળ હેતુ વિદ્યાર્થીઓને તેમના અભ્યાસક્રમ વિષયક મધ્યકાલિન યુગના સાહિત્યથી પરિચિત કરાવવાનો હોવાથી વિદ્યાર્થીઓએ જ પોતાના માધ્યમે માહિતી જમા કરી સંપૂર્ણ લેખન કાર્ય કર્યું છે. માત્ર હસ્તલિખિતને બદલે હવે વિદ્યાર્થીઓને ટાઈપિંગ કરતાં કરવાના હેતુસર ઓનલાઈનના આ વર્ષમાં સ્પંદન ટાઈપ-મુદ્રિત રખાયું છે. છતાંય તેનું મુખપૃષ્ઠ હાથેથી ડ્રોઇંગ કરીને બનાવાયું છે.